


કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...

અંક : ૨ ખંડ : ૨ ફેબ્રુઆરી ૨૦૧૬

અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## ભારતમાં રવિ પાકના વાવેતર વિસ્તારમાં ઘટાડો

રાજ્ય સરકારો પાસેથી પ્રાપ્ત ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫ના પ્રાથમિક અહેવાલ મુજબ દેશમાં રવિ પાક હેઠળ કુલ વાવેતર વિસ્તાર ૫૮૯.૯૫ લાખ હેક્ટર થવા પામેલ છે જે ગત વર્ષે તે વિસ્તાર ૬૦૭.૯ લાખ હેક્ટર હતો.

ઘઉં હેઠળનો વાવેતર વિસ્તાર આ વર્ષે ૨૯૧.૯૭ લાખ હેક્ટર છે જે ગત વર્ષમાં ૩૦૫.૬ લાખ હેક્ટર વિસ્તાર વાવેતર હેઠળ હતો. આ વર્ષે દેશમાં કુલ બરછટ અનાજના વાવેતર હેઠળનો વિસ્તાર ૫૯.૩૦ લાખ હેક્ટર છે જે ગયા વર્ષે ૫૬.૫૬ લાખ હેક્ટર હતો એટલે કે ૪.૮૪ ટકા વધ્યો છે.

ગત વર્ષે દેશમાં કઠોળ હેઠળનો કુલ વાવેતર વિસ્તાર ૧૪૩.૦૧ લાખ હેક્ટર હતો જે આ વર્ષે ઘટી ૧૩૯.૦૮ લાખ હેક્ટર રહ્યો છે. એ જ રીતે કુલ તેલીબિયાં હેઠળનો વાવેતર વિસ્તાર પણ ઘટી આ વર્ષે ૭૭.૩૨ લાખ હેક્ટર હતો જે ગયા વર્ષે ૭૮.૭૩ લાખ હેક્ટર જેટલો હતો એટલે કે થોડા ઘણા અંશે વધુ હતો.

ડાંગર હેઠળનો કુલ વાવેતર વિસ્તાર આ વર્ષે ૨૨.૨૮ લાખ હેક્ટર જેટલો રહ્યો છે જે ગયા વર્ષે ૨૩.૯૯ લાખ હેક્ટર હતો.

## ભારતમાં રવિ પાક હેઠળનો વિસ્તાર

૨૨મી જાન્યુઆરી-૨૦૧૬ ના રોજ રવી પાક હેઠળ કુલ વાવેતર વિસ્તાર **૫૮૯.૯૫** લાખ હેક્ટર સુધી પહોંચ્યો છે, જે ગયા વર્ષે **૬૦૭.૯૦** લાખ હેક્ટર હતો.


AERC&CCS, Gujarat

લાખ હેક્ટર

| પાક | ૨૦૧૫-૧૬ | ૨૦૧૪-૧૫ | ટકાવારી ફેરફાર |
|---|---|---|---|
| ઘઉં | ૨૯૧.૯૭ | ૩૦૫.૬ | -૪.૪૬ |
| કઠોળ | ૧૩૯.૦૮ | ૧૪૩.૦૧ | -૨.૭૫ |
| બરછટ અનાજ | ૫૯.૩ | ૫૬.૫૬ | ૪.૮૪ |
| તેલીબિયાં | ૭૭.૩૨ | ૭૮.૭૩ | -૧.૭૯ |
| ડાંગર | ૨૨.૨૮ | ૨૩.૯૯ | -૭.૧૩ |
| કુલ | ૫૮૯.૯૫ | ૬૦૭.૯ | -૨.૯૫ |

## વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં ભારત અગ્રેસર

ભારત વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં દૂધ ઉત્પાદન ૧૪૬.૩૧ મિલિયન ટન થવા પામ્યું છે, જે વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૩૭.૬૮ મિલિયન ટન જેટલું હતું. આંતરરાષ્ટ્રીય ફલક પર માત્ર દૂધ ઉત્પાદનમાં ૨.૨ ટકા જેટલી વૃદ્ધિ થઇ છે જ્યારે પ્રથમ વખત ભારતે ૬.૩ ટકા જેટલી દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ મેળવી છે. માથાદીઠ દૂધ ઉપલબ્ધતામાં પણ વ્યક્તિ દીઠ દિવસ દીઠ ૩૦૨ ગ્રામ સાથે વૈશ્વિક આરોગ્ય સંસ્થા દ્વારા ભલામણ ન્યૂનત્તમ જથ્થા કરતાં પણ વધારો થયો છે. અત્રે એ નોંધનીય છે કે, ભારત ૧૯૯૭થી આ યાદીમાં ટોચ પર રહેલ છે. દેશમાં કુલ દૂધ ઉત્પાદનમાં વધારો થયો હોવા છતાં, પ્રાણી દીઠ દૂધ ઉત્પાદકતા વિકસિત ડેરી દેશોની સરેરાશ કરતાં ઓછી છે. તેથી પ્રાણી દીઠ વધારવાની દૂધ ઉત્પાદન ટેકનોલોજીના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ખાસ જરૂર છે. વધતી જતી દૂધની માંગને પહોંચી વળવા માટે ગાય સંક્રમણ સંવર્ધન પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. વર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને  દૂધ ઉત્પાદન વિકાસ કાર્યક્રમો બનાવવામાં આવેલ છે. પરિણામે આપણી સ્વદેશી ઢોરની ઓલાદો ઉપેક્ષિત રહેવા પામી છે. તેથી હવે સમય પાકી ગયેલ છે કે આપણે આપણી સ્વદેશી ઓલાદની ઉત્પાદકતા સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરીને નવા કાર્યક્રમો વિકસાવીને તેનો સઘન અમલ કરવામાં આવે. રાષ્ટ્રીય ગોકુલ મિશન તરીકે એક નવી પહેલ દેશમાં પ્રથમ વખત નેશનલ ઢોર આનુવંશિક અને ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ જાળવણી અને સ્વદેશી જાતોની ગાયના વિસ્તાર માટે શરૂ કરવામાં આવી છે. નવા રાષ્ટ્રીય કામધેનુ પશુ સંર્વધન કેન્દ્રો (અનુક્રમે ઉત્તર અને દક્ષિણ ભારતમાં) સુયોજિત કરવામાં આવી રહ્યા છે.




## ૨૦૧૫-૧૬નાં મુખ્ય પાક ઉત્પાદનના બીજા ઉચ્ચ અંદાજો

પાક ઉત્પાદનના બીજા આગોતરા અંદાજ મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન કુલ અનાજ ઉત્પાદન આશરે ૨૫૩.૧૬ મિલિયન ટન થવાનો અંદાજ છે જે વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ૨૫૨.૦૨ મિલિયન ટન ઉત્પાદનની તુલનાએ ૧.૧૪ મિલિયન ટન વધારે રહ્યું છે.

૨૦૧૫-૧૬ દરમિયાન ચોખાનું કુલ ઉત્પાદન ૧૦૩.૬૧ મિલિયન ટન છે, જે ૨૦૧૪-૧૫ દરમિયાન ૧૦૫.૪૮ મિલિયન ટન ઉત્પાદન હતું એટલે કે ૧.૮૭ મિલિયન ટન જેટલુ ઓછું આ વર્ષે છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ઘઉંનુ ઉત્પાદન ૮૬.૩૫ લાખ ટન થયું હતુ જેની સામે ૨૦૧૫-૧૬ દરમિયાન ઘઉંનુ ઉત્પાદન ૯૩.૮૨ મિલિયન ટન થવાનો અંદાજ છે. જે ૭.૨૯ મિલિયન ટન જેટલુ વધારે છે. છેલ્લાં ૫ વર્ષની ઘઉંની સરેરાશ ઉત્પાદકતા કરતાં વર્ષ ૨૦૧૫-૧૬માં ઘઉંનું ઉત્પાદન ૨.૨૯ મિલિયન ટન વધારે થવાનો અંદાજ છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં બરછટ ધાન્યોનું કુલ ઉત્પાદન ૩૮.૪૦ લાખ ટન થવાનો અંદાજ છે, જે ૨૦૧૪-૧૫ની સરખામણીએ ૪.૪૭ મિલિયન ટન જેટલું ઓછું છે એટલે કે ૪૨.૮૩ લાખ ટનનું ઉત્પાદન હતુ. આ વર્ષે ૨૦૧૫-૧૬માં ૧૭.૩૩ મિલિયન ટન કુલ કઠોળનું ઉત્પાદન થવાનો અંદાજ છે કે જે અગાઉના વર્ષના ઉત્પાદન ૧૭.૧૫ લાખ ટન કરતાં સહેજ વધારે છે. કુલ તેલીબિયાં ઉત્પાદનમાં ૧.૧૭ મિલિયન ટન જેટલા ઘટાડા સાથે ૨૦૧૫-૧૬માં તે ૨૬.૩૪ મિલિયન ટન થવાનો અંદાજ જોવા મળે છે.

શેરડીનું ઉત્પાદન ૩૪૬.૩૯ મિલિયન ટન થવાનો અંદાજ છે જે ગત ઉત્પાદન વર્ષ ૨૦૧૪-૧૫ના ઉત્પાદન કરતાં ૧૫.૯૫ મિલિયન ટન જેટલી ઓછી છે. કપાસનું ઉત્પાદન ૩૦.૬૯ લાખ ગાંસડી (એક ગાંસડી ૧૭૦ કિલો) જેટલું થવાનો અંદાજ આ વર્ષે છે જે ગત ઉત્પાદન વર્ષ ૨૦૧૪-૧૫ ના કરતા ૪.૧૧ મિલિયન જેટલી ગાંસડી ઓછી સાથે લગભગ ૩૪.૮૧ લાખ ગાંસડી થવાનો અંદાજ બાંધેલ છે. ચાલુ વર્ષે શણનું ઉત્પાદન ૯.૮૯ મિલિયન ગાંસડી (એક ગાંસડી=૧૮૦ કિલો) થવાનો અંદાજ છે જે ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમિયાન ૧૦.૬૨ મિલિયન ગાંસડી ઉત્પાદન જોતાં આ વર્ષે સાધારણ ઓછું થવાનો અંદાજ કરવામાં આવેલ છે.

## ૨૦૧૫-૧૬ દરમિયાન ખેત ઉત્પાદનના અન્ય અંદાજો (મિલિયન ટન)


| પાક | ૨૦૧૪-૧૫ના અંદાજો | ૨૦૧૫-૧૬ના અંદાજો |
|---|---|---|
| ડાંગર | ૧૦૫.૪૮ | ૧૦૩.૬૧ |
| ઘઉં | ૮૬.૫૩ | ૯૩.૮૨ |
| બરછટ ધાન્ય પાકો | ૪૨.૮૬ | ૩૮.૪૦ |
| કુલ કઠોળ | ૧૭.૧૫ | ૧૭.૩૩ |
| કુલ અનાજ | ૨૫૨.૦૨ | ૨૫૩.૧૬ |
| કુલ તેલીબિંયા | ૨૭.૫૧ | ૨૬.૩૩ |
| કપાસ # | ૩૪.૮૦ | ૩૦.૬૯ |
| શણ ## | ૧૦.૬૨ | ૯.૮૯ |
| શેરડી | ૩૬૨.૩૩ | ૩૪૬.૩૯ |
| # ૧૭૦ કિલોની ગાંસડી, ## ૧૮૦ કિલોની ગાંસડી | | |



## ભારતમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૩૦૦ લાખ મિલિયન ટન ઘઉંનું ઉત્પાદન મેળવવાનો અંદાજ

ભારત સરકારે ૨૦૧૬-૧૭માં રવીબજાર ઋતુમાં (આરએમએસ), ગત વર્ષના જેટલા પ્રમાણમાં જ ખેડૂતો પાસેથી ૩૦૦ લાખ ટન ઘઉંની ખરીદી કરશે. પંજાબ ૧૧૦ લાખ મિલિયન ટન અને હરિયાણા ૬૫ લાખ મિલિયન ટન ઘઉં પૂરા કરશે. જ્યારે અન્ય રાજ્યો જેમ કે મધ્ય પ્રદેશ ૬૮ લાખ મિલિયન ટન, ઉત્તર પ્રદેશ ૩૦ લાખ મિલિયન ટન, રાજસ્થાન ૧૮ લાખ મિલિયન ટન, બિહાર ૭ લાખ મિલિયન ટન, ઉત્તરાખંડ ૧ લાખ મિલિયન ટન, ગુજરાત ૦.૮૫ લાખ મિલિયન ટન અને બાકીના રાજ્યોમાંથી ૦.૧૫ લાખ મિલિયન ટન જેટલો ઘઉં મેળવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

ગત માર્ચ-એપ્રિલ મહિના દરમિયાન અકાળે વરસાદ અને કરાવૃષ્ટીને કારણે ઘઉંના પાકને નુકસાન થવા છતાં રવી બજાર ઋતુ ૨૦૧૫-૧૬ દરમિયાન ઘઉંની વાસ્તવિક પ્રાપ્તિ ૨૮૦.૮૮ લાખ મિલિયન ટન હતી. રાજ્ય પ્રમાણે આરએમએસ ૨૦૧૬-૧૭ દરમિયાન ઘઉં પ્રાપ્તિના લક્ષ્યાંકની માહિતી નીચે પ્રમાણે છે:



| ક્રમાંક | રાજ્ય | ઘઉં પ્રાપ્તિના લક્ષ્યાંક (લાખ મિલિયન ટન) |
|---|---|---|
| ૧. | પંજાબ | ૧૧૦.૦૦ |
| ૨. | હરિયાણ | ૬૫.૦૦ |
| ૩. | મધ્ય પ્રદેશ | ૬૮.૦૦ |
| ૪. | ઉત્તર પ્રદેશ | ૩૦.૦૦ |
| ૫. | રાજસ્થાન | ૧૮.૦૦ |
| ૬. | બિહાર | ૭.૦૦ |
| ૭. | ઉત્તરાખંડ | ૧.૦૦ |
| ૮. | ગુજરાત | ૦.૮૫ |
| ૯. | અન્ય રાજ્યા | ૦.૧૫ |
| | કુલ | ૩૦૦.૦૦ |

સરકારે વિવિધ રાજ્યોમાં ચોખાની પ્રાપ્તિને સુયોજિત કરવા માટે ખરીફ બજાર ઋતુ ૨૦૧૫-૧૬ના રવી/શિયાળુ/ઉનાળુ ડાંગર પાક પકવી તેની પ્રાપ્તિ માટેના લક્ષ્યો અંગે જણાવ્યુ છે. આપેલ લક્ષ્યાંક ૫૦ લાખ મિલિયન ટન છે અને રાજ્યવાર લક્ષ્યાંક કોઠામાં દર્શાવેલ છે. આ લક્ષ્યાંકની પ્રાપ્તિ માટે છેલ્લા અંક અને KMS ૨૦૧૫-૧૬ની ડાંગર પ્રાપ્તિ ૨૬૧.૩૮ લાખ મિલિયન ટન ઉપર જાય છે કે જે અગાઉના વર્ષમાં, આ સમયગાળામાં અર્થાત KMS ૨૦૧૪-૧૫માં ડાંગરની પ્રાપ્તિ જે ૨૧૫.૪૯ લાખ મિલિયન ટન હતી તેના કરતાં ૪૬ લાખ મિલિયન ટન વધારે છે.

## KMS ૨૦૧૫-૧૬ નાં શિયાળા/ઉનાળુ ડાંગર પ્રાપ્તિ માટે લક્ષ્યાંક

| ક્રમાંક | રાજ્ય | ડાંગર પ્રાપ્તિ માટે લક્ષ્યાંક (લાખ મિલિયન ટન) |
|---|---|---|
| ૧. | આંધ્રપ્રદેશ | ૧૬.૭૦ |
| ૨. | તેલંગાના | ૬.૩૦ |
| ૩. | ઓરિસ્સા | ૮.૦૦ |
| ૪. | તમિલનાડુ | ૯.૫૦ |
| ૫. | કેરાલા | ૨.૭૦ |
| ૬. | પશ્ચિમ બંગાળ | ૬.૮૦ |
| કુલ | | ૫૦.૦૦ |

## એસએસપી ઉત્પાદન એકમો માટે લઘુતમ ક્ષમતા ઉપયોગનો માપદંડ દૂર કરાયો...



ખાતર ક્ષેત્રે મુખ્ય નીતિ સુધારા અન્વયે સરકારે ન્યુટ્રીયન્ટ બેઝડ સબસિડી (NBS) યોજના હેઠળ સબસિડી માટે લાયક હોઈ સિંગલ સુપર ફોસ્ફેટ (SSP) એકમો માટે લઘુતમ ક્ષમતા ઉપયોગનો માપદંડ દૂર કરવા માટેની દરખાસ્ત મંજૂર કરી દીધી છે.

તાજેતરમાં કરવામાં આવેલા અન્ય નીતિવિષયક સુધારા જેવા કે નવી યુરિયા નીતિ-૨૦૧૫ અને ગેસ પૂલિંગની સાથે આ નીતિ અપનાવશે. તે સાથે એવી અપેક્ષા પણ રાખવામાં આવે છે કે આ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં વધારાનું ૧૭ લાખ ટન યુરિયાનું ઉત્પાદન કરવામાં આવશે. વધુમાં, બિન-કૃષિ ઉપયોગમાં માર્ગાન્તર અટકાવવા અને ઉત્પાદક્તા વધારવા માટે હવે ૧૦૦% યુરિયા લીમડાના આવરણવાળુ બનાવાયુ છે.

એસએસપીએ એક ફોસ્ફેટિક મલ્ટી પોષક ખાતર છે કે જેમાં ૧૬% ફોસ્ફેટ, ૧૧% સલ્ફર, ૧૬% કેલ્શિયમ અને કેટલાક અન્ય આવશ્યક સૂક્ષ્મ પોષક તત્વોનો સમાવેશ થાય છે. સરળ ઉત્પાદન પદ્ધતિને કારણે તે ઉપલબ્ધ ખાતરોમાંથી એક સૌથી સસ્તુ એક રાસાયણિક ખાતર છે. તે તેલીબિયાં, કઠોળ, બાગાયત, શાકભાજી, શેરડી, વગેરે જેવા પાકો માટે વધુ યોગ્ય રાસાયણિક ખાતર છે

આ નવી નીતિ ફરીથી નાના એસએસપી એકમોને મદદરૂપ થશે અને વધુ નવા એસએસપી એકમોને દેશમાં આવવા અને એસએસપીના સ્વદેશી ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન આપશે. તે બજાર ગતિશીલતા મુજબ એસએસપી ઉત્પાદકોને તેમના ઉત્પાદન કરવાની યોજના માટે સ્વતંત્રતા પૂરી પાડશે એસએસપીએ ડીએપી ખાતરનાં માટે અવેજી સમાન છે કે જે મોટે ભાગે આયાત કરવામાં આવે છે. એસએસપી ઉદ્યોગની વૃદ્ધિ માત્ર દેશમાં ફોસ્ફેટિક ખાતરના સ્થાનિક ઉત્પાદનમાં વધારો જ નહિ કરે પરંતુ તેનો ઉપયોગ પણ વધશે અને તે વધુ ખર્ચાળ ડીએપી માટે આંશિક રીતે અવેજી તરીકે કાર્ય કરશે.

ખાતરનાં આ નવા નીતિવિષયક સુધારા ખાતર બજારને પ્રોત્સાહન આપશે જે સૂક્ષ્મ પોષક તત્વોવાળાં ખાતરોનાં વપરાશની તરાહને પ્રોત્સાહિત કરશે. તેમજ જમીનને સંતુલિત ખાતરવાળી બનાવશે. આ નવી નીતિ એકસરખી રીતે બધા ખાતરોને લાગુ કરાશે.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

_______________

_______________

_______________

_______________

_______________

મોકલનારઃ
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Lajja : 02692-233864

Acknowledged the information used/taken from the public domain